રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત
સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની
યોજનાના ઠરાવમાં સુધારા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 02 FEB 2015

વંચાણે લીધા: (૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા. ૨૫/૦૯/૨૦૧૪

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા. ૨૬/૧૧/૨૦૧૪

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાનો પત્ર ક્રમાંક: જીયુવીએનએલ/ટેક./એકેએફ/સોલાર/૧૮૭, તા. ૨૬/૦૧/૨૦૧૫

<u>પ્રસ્તાવના:</u>

રાજ્ય સરકારનાં વંચાણે લીધેલ ક્રમાંક: ૧ તથા ૨ માં નિર્દિષ્ટ ઠરાવોથી રાજ્યનાં કૃષિ વીજ ગ્રાહકોને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી **"સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના"** અમલમાં મૂકવામાં આવેલ છે.

પ્રસ્તુત યોજનાની રાજ્ય સરકાર દ્વારા મુકરર કરવામાં આવેલ શરતો અને બોલીઓ પૈકી કેટલીક શરતો અને બોલીઓ સ્વીકારવા યોગ્ય ન જણાતાં અરજદારો તરફથી યોજના માટેના મળેલ નબળા પ્રતિસાદને ધ્યાને લઈ યોજનાને વધુ સફળ અને લોકોપયોગિ બનાવવા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: ૧ નાં ઠરાવની કેટલીક શરતો અને બોલીઓ રદ કરવાની અને કેટલીક શરતોમાં આંશિક સુધારા કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ:</u>

આથી રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ વંચાણમાં લીધેલ ક્રમાંક: ૧ નાં ઠરાવની જોગવાઇમાં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત દરેક લાભાર્થી ખેડૂતને જરુરિયાત અનુસાર ત્રણથી પાંચ હોર્સ પાવરનાં સૌર ફોટો વોલ્ટીક આધારિત સબમર્સીબલ પમ્પ સેટ્સ (એસી વીજ પ્રવાહ આધારિત અથવા

બ્રશલેસ ડાયરેક્ટ કરંટ (ડીસી) મોટર પમ્પ સેટ્સ (BLDC)) પૂરા પાડવાનું ઠરાવવામાં આવે છે. અલબત્ત BLDC માટે કોઇ ભાવ તફાવતનો વધારો મળવાપાત્ર થશે નહીં. વધુમાં ત્રણ કે પાંચ હોર્સપાવરના કૃષિ વીજ જોડાણની માંગણીવાળા અરજદારો ઉપરાંત દસ હોર્સપાવર સુધીની માંગણીવાળા અરજદારો પણ ત્રણ /પાંચ હોર્સપાવરના સોલાર પમ્પ સેટ્સ માટે અરજી કરી શકશે.

**આ ઉપરાંત ઉક્ત ઠરાવની શરત ક્રમાંક: ૫ (પાંચ) રદ કરવામાં આવે છે જ્યારે શરત ક્રમાંક: ૧, ૨, અને ૧૧ માં નીચે મુજબનાં સુધારા કરવામાં આવે છે.**

(૧) **<u>શરત નં. ૧:</u>** જે અરજદારનાં નામે ઓછામાં ઓછી એક એકર જમીન અને તેમાં બોર/કૂવો હયાત હશે તેમને જ આ યોજનાનો લાભ મળી શકશે. આમ છતાં જે અરજદારની જમીનમાં બોર/કૂવો નહી હોય છતાં અરજી કરેલ હશે તો તેમને લાભાર્થી ફાળો ભરવાની જાણ કર્યા પછી બોર/કૂવો બનાવવા માટે બે માસનો સમય આપવાનો રહેશે.

(૨) **<u>શરત નં. ૨:</u>** તા. ૩૧/૧૨/૨૦૧૪ ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણની અરજીની નોંધણી થયેલ હોય તેવા અરજદારો ઉપરાંત જેમને અંદાજપત્ર પાઠવવામાં આવેલ હોય તેવા અને જે અરજદારોએ અંદાજપત્રની રકમ ભરપાઇ કરેલ હોય પરંતુ કૃષિ વીજ જોડાણ મંજૂર કરવાનું બાકી હોય તેવા અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે.

(3) **<u>શરત નં. ૧૧:</u>** સૌરપમ્પ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી પાંચ વર્ષ સુધી સંબંધિત વીજ કંપનીની રહેશે અને પાંચ વર્ષ પછી આ માલિકી લાભાર્થીને એ શરતે તબદીલ થશે કે આગામી પાંચ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજ જોડાણની માંગણી કરી શકશે નહીં.

વંચાણે લીધેલ ક્રમાંક:૧ નાં ઠરાવથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ તથા વીજ વિતરણ કંપની માટે નિર્દિષ્ટ કરવામાં આવેલ કાર્યપદ્ધતિનાં મુદ્દા ગ તથા ઝ માં દર્શાવેલ વિગતોને બદલે નીચેની વિગતો ધ્યાને લેવાનું પણ આથી ઠરાવવામાં આવે છે.

(૧) **<u>મુદ્દા ક્ર: ગ:</u>** ટેન્ડરમાં ભાગ લેનાર બીડર્સ કેન્દ્ર સરકારના બીન પરંપરાગત ઉર્જા મંત્રાલય (એમ.એન.આર.ઇ.) માન્ય એસપીવીના ભાગીદાર ( SPV Channel Partner ) અથવા એમ.એન.આર.ઇ. ની રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામિણ વિકાસ બેન્ક (NABARD) યોજનાની યાદીમાં સમાવિષ્ટ હોવા જોઇશે અને પૂરતો અનુભવ તથા સારો ભૂતકાળ ધરાવતા હોવા જોઇશે.

(૨) **<u>મુદ્દા ક્ર. ઝ:</u>** સપ્લાયરે પમ્પ સ્થાપન પરિસરનો કબજો મળ્યા બાદ એટલે કે લાભાર્થીની યાદી મળ્યા બાદ ૬૦ (સાઇઠ) દિવસમાં પમ્પ સેટ પૂરા પાડવાની તથા ત્યારબાદના ૩૦ (ત્રીસ) દિવસમાં તેના સ્થાપનની કામગીરી કરી તેને ચાલુ કરવાને બદલે સમગ્રતયા ૯૦ (નેવું) દિવસની સમયમર્યાદામાં સૌર ઉર્જા પમ્પ સેટ્સ અરજદારના બોર/કૂવા પર ઇન્સ્ટોલ કરી તેની

ચકાસણી કરીને ચાલુ કરી આપવાના રહેશે.

વંચાણ લીધેલ બંને ઠરાવોની અન્ય શરતો તથા બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(એચ. એફ. ગાંધર્વ)
સરકારના સંયુક્ત સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉર્જા) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી (નાણાં) ના અંગતસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમેટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (NCE), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (ટેકનિકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ